ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
# રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૭ મે, ૨૦૨૬

# ટ્રમ્પની બેઈજિંગ મુલાકાતઃ અમેરિકાના માનસિક વર્ચસ્વના અંતનું સ્પષ્ટ થતું ચિત્ર

દાયકાઓ સુધી અમેરિકન સત્તાની કોરિયોગ્રાફી એક સરખી રહી છે. વૉશિંગ્ટનની સીનમાં એન્ટ્રી થાય તે પહેલાં બીજા દેશો પોતાની ભાષા સાચવી લેતા. અમેરિકાના સાથી દેશો પોતાની ટીકા નરમ પાડતા. પ્રતિસ્પર્ધીઓ પોતાના શબ્દો જોખીને બોલતા. આટલું ઓછું હોય તેમ વિરોધી દેશો પણ વૈશ્વિક સત્તાના ક્રમના વ્યાકરણને સમજી ગયા હતા, કડવો ઘુંટડો હતો પણ તો ય ગળે ઉતાર્યો હતો. વિરોધીઓ જાણતા હતા કે ગમે કે ન ગમે પણ અમેરિકા બીજા દેશોને ચેતવણી આપી શકે, પ્રતિબંધ મૂકી શકે, તેમને અલગ પાડી શકે, પણ એમાં અમેરિકાને કોઈ આડે ન આવી શકે. બહુ ઓછા દેશો જાહેરમાં અમેરિકાએ શું કરવું અને શું નહીં તે કહી શકતા. એટલા માટે જ ડોનાલ્ડ ટ્રમ્પની બેઈજિંગની મુલાકાતની આસપાસ વિંટળાયેલી પ્રતીકાત્મકતા રાજદ્વારી મંચ પરના પરફોર્મન્સથી ઘણી અલગ અને આગળ વધેલી ઘટના છે. ટ્રમ્પ બેઈજિંગ પહોંચે તે પહેલાં જ ચીની દૂતાવાસે જાહેરમાં કહી દીધું હતું કે અમેરિકા ચીન-અમેરિકા સંબંધોની કહેવાતી “ફોર રેડ લાઇન્સ”ને પડકારવી નહીં; જેમાં તાઈવાન, લોકશાહી અને માનવાધિકાર, ચીનની રાજકીય વ્યવસ્થા અને ચીનનો પોતાના વિકાસનો અધિકાર સામેલ હતા. આ સંદેશો શાંતિથી બૅકચેનલ રાજદ્વારી શૈલીમાં નહોતો અપાયો. આ વાત ખુલ્લેઆમ એક ટ્વીટ તરીકે X પર પ્રસારિત કરવામાં આવી. એક એવું પ્લેટફોર્મ જેની પર ચીનમાં પ્રતિબંધ છે. આ પગલામાં ચીનનો વ્યૂહાત્મક ઈરાદો સ્પષ્ટ દેખાતો હતો.

આ ઘટનાનું મહત્ત્વ માત્ર ચેતવણીમાં નથી, પરંતુ તેની પાછળ રહેલા આત્મવિશ્વાસમાં છે. એક સમય એવો હતો જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિને આવી ભાષામાં સંબોધવું કોઈપણ દેશ માટે; પરમાણુ ક્ષમતા ધરાવત સમકક્ષ દેશોને છોડીને, લગભગ અકલ્પનીય હતું. પહેલાં પણ, શીત યુદ્ધ દરમિયાન મોસ્કોની ચેતવણીઓ મોટેભાગે સીધી સૈન્ય અથડામણના સંજોગોમાં સંભળાતી. પણ ચીનનું આ નિવેદન એવા રાજકીય પ્રવાસ પહેલાં આવ્યું, જેનો હેતુ દેખીતી રીતે યુએ-ચીનના સંબંધોને સ્થિર બનાવવાનો હતો. એ તફાવત ઐતિહાસિક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. બેઈજિંગે કોઈ નબળા રાષ્ટ્ર તરીકે આ વાત બચાવ માટે નહોતી મૂકી પણ તે સમકક્ષ સ્થિતિમાં રહી વાટાઘાટ કરી રહ્યું હતું.

આ એક બાબત જ 21મી સદીના સૌથી મોટા ભૂરાજકીય પરિવર્તનોમાંની એકને ચિહ્નિત કરે છે. ચીનના ઉદયને અત્યાર સુધી GDPના આંકડા, સૈન્ય ક્ષમતા, સેમિકન્ડક્ટર સ્પર્ધા, બેલ્ટ એન્ડ રોડ કોરિડોર અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તામાં કરાયેલા રોકાણોથી માપવામાં આવ્યો છે. પરંતુ સત્તા માત્ર ભૌતિક નથી હોતી; તે માનસિક પણ હોય છે. કોઈ દેશ ત્યારે સાચા અર્થમાં સુપરપાવર બને છે, જ્યારે તે વૈશ્વિક પ્રભુત્વ ધરાવતા દેશનું પોતાને કેવું વર્તન સ્વીકાર્ય છે તેની મર્યાદાઓ નક્કી કરવા લાગે. ચીન હવે માત્ર અમેરિકન દબાણ પર પ્રતિક્રિયા આપતો દેશ નથી રહ્યું; તે હવે અમેરિકન વર્તનની સ્વીકાર્ય સીમાઓ નિયત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ માત્ર વ્યૂહરચનાનો ફેરફાર નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધોના મૂળ વ્યાકરણમાં થતો ફેરફાર છે. ચીની ચેતવણીઓ ખાસ કરીને એટલા માટે વધુ નોંધપાત્ર હતી કારણ કે તે માત્ર વ્યૂહાત્મક મુદ્દાઓ સુધી મર્યાદિત નહોતી; તેણે વિચારધારાત્મક ક્ષેત્રને પણ સીધો સ્પર્શ કર્યો હતો. બેઈજિંગે “લોકશાહી અને માનવાધિકાર” જેવા વિષયોને પણ એવી બાબતોમાં ગણાવ્યા, જેને અમેરિકાએ હથિયાર તરીકે ઉપયોગમાં ન લેવા જોઈએ. ટૂંકમાં, ચીને આડકતરી જાહેરાત કરી કે એકતરફી નૈતિક ઉપદેશોના યુગનો અંત આવી રહ્યો છે. વિશ્વ ચીનની આ સ્થિતિ સાથે સહમત છે કે નહીં, તે અહીં લગભગ ગૌણ બાબત છે. મહત્ત્વની વાત એ છે કે ચીન હવે પોતાને આ વાત ખુલ્લેઆમ કહેવા જેટલો શક્તિશાળી દેશ અનુભવે છે; અને અમેરિકા પણ હવે એ જ માળખા કે મર્યાદામાં રહીને સંબંધો સાચવવા મજબૂર છે. અહીં માત્ર આ નિવેદન નહીં પણ એ કહેવા માટે જે પ્લેટફોર્મનો ઉપયોગ કરાયે એ પણ મહત્ત્વપૂર્ણ છે. ચીને સોશિયલ મીડિયા રાજદ્વારીનો આક્રમક અને ગણતરીપૂર્વક ઉપયોગ કર્યો, અને વાટાઘાટો શરૂ થાય તે પહેલાં જ X પર પોતાની “રેડ લાઈન્સ” જાહેર કરી દીધી. આ માત્ર કોમ્યુનિકેશન નહોતું; આ પૂર્વ-સ્થાપિત માનસિક મંચ તૈયાર કરાયો હતો. બેઈજિંગ સમજી ચૂક્યું હતું કે મુલાકાતની શરતો જાહેરમાં ઘોષિત કરવાથી ટ્રમ્પ બેઈજિંગ પહોંચે તે પહેલાં જ વૈશ્વિક માહિતી અને સંજોગોને પ્રભાવિત કરી શકાય. આ સંદેશાના ઑડિયન્સમાં માત્ર વોશિંગ્ટન નહોતું પણ દરેક વિકાસશીલ અર્થવ્યવસ્થા, દરેક અસ્થિર સાથી દેશ અને દરેક એવા રોકાણકાર હતો, જેને જોવું હતું કે અમેરિકા ચીનમાં કમાન્ડર તરીકે પહોંચે છે કે અરજદાર તરીકે. ટૂંકમાં ચીને અમેરિકાને તેનો રોલ પોતાને ઘરે પધારે તે પહેલાં સમજાવી દીધો.

ટ્રમ્પ સાથે આવેલા પ્રતિનિધીમંડળની છબી પોતે જ આ પ્રશ્નનો જવાબ આપી રહી હતી. ટ્રમ્પ સાથે ઈલોન મસ્ક, જેન્સન હુઆંગ, ટિમ કુક, લેરી ફિંક, ડેવિડ સોલોમન જેવા અમેરિકાના સૌથી પ્રભાવશાળી કોર્પોરેટ ચહેરાઓ હાજર હતા. આ દૃશ્ય અસાધારણ હતું અને ઘણું કહી જતું પણ હતુંઃ ટ્રમ્પ બેઈજિંગ પહોંચ્યા ત્યારે વિશ્વમાં સૌથી શક્તિશાળી સૈન્ય શક્તિ ધરાવતા દેશના નેતા નહીં પણ ચીનના બજારમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા એક વ્યાપારી મિશનની આગેવાની કરતા અમેરિકન રાષ્ટ્રપતિ તરીકે પહોંચ્યા. અગાઉના માનવામાં આવતું કે આર્થિક એકીકરણ અંતે ચીનને રાજકીય રીતે ઉદાર બનાવશે. હવે આ સિદ્ધાંત સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયો છે. દાયકાઓ સુધી વોશિંગ્ટન માનતું રહ્યું કે વૈશ્વિકીકરણ અંતે બેઈજિંગને પશ્ચિમી મૂલ્યો તરફ દોરી જશે. પરંતુ તેનાથી સાવ વિપરીત, ચીને વૈશ્વિક પુંજીવાદી વ્યવસ્થામાં પારંગતતા મેળવી, અને તે પણ પોતાની રાજકીય સર્વભૌમતાનું સમર્પણ કર્યા વગર. વોશિંગ્ટન જેને અશક્ય માનતું હતું, ચીને એ જ હકીકત બનાવી બતાડી દીધું. ચીને આર્થિક આધુનિકીકરણ કર્યું, પરંતુ સાથે સાથે પાર્ટી-સ્ટેટ નિયંત્રણને જાળવી રાખ્યું, એટલું જ નહીં પણ તેને મજબૂત પણ બનાવ્યું. બેઈજિંગે વૈશ્વિકીકરણનો ઉપયોગ પશ્ચિમીકરણનો વિરોધ કરી શકે તેવું જ લૅવરેજ એકઠું કરવા માટે કર્યો. આ વિરોધ હવે માત્ર રાજકીય નથી રહ્યો; તે સંસ્થાગત, તકનીકી અને વિચારધારાત્મક રૂપ ધારણ કરી ચૂક્યો છે. આ કારણે ટ્રમ્પની આ મુલાકાત પાછળની અસલ કહાની એક સાચા અર્થમાં બાયપોલર એટલે કે બે ધ્રુવ ધરાતી વૈશ્વિક વ્યવસ્થાની શરૂઆતની છે. શીત યુદ્ધ બાદ અમેરિકા જેને વિદ્વાનો “યુનિપોલર મોમેન્ટ” કહે છે તે સ્થિતિમાં કામ કરતો દેશ હતો; બેજોડ સૈન્ય શક્તિ અને તેની પહોંચ પણ મજબૂત, રિઝર્વ કરન્સી તરીકે ડૉલરનું પ્રભુત્વ, ટેક્નોલોજીકલ સર્વોચ્ચતા, સાંસ્કૃતિક પ્રભાવ અને મજબૂત સાથી દેશોની રચના. દેશોને અમેરિકાપ્રધાન વૈશ્વિક વ્યવસ્થામાંથી બહાર ફેંકાઈ જવાનો ભય રહેતો હતો. ટૂંકમાં અમેરિકા ક્લાસનો એ છોકરો હતો જેના સર્કલમાં રહેવું દરેક માટે જરૂરી હતું. સોવિયેત સંઘના પતન પછી લગભગ ત્રણ દાયકા સુધી દુનિયા પોતાને અમેરિકન પસંદગીઓ મુજબ ઢાળતી રહી. આજે દૃશ્ય બદલાઈ ગયું છેઃ મલ્ટીનેશનલ કંપનીઓના CEO, રોકાણકારો અને અમેરિકાના સાથી દેશો સુદ્ધાં હવે ચીનની “રેડ લાઈન્સ”ને ધ્યાનમાં રાખીને પોતાનો વહેવાર નક્કી કરે છે. દુનિયા હવે માત્ર એક જ રાજધાનીની પરિક્રમા કરતી રહી નથી. આજે ચીન એક વૈકલ્પિક આકર્ષણ-કેન્દ્ર બની ચૂક્યો છે, ઓછામાં ઓછો આર્થિક રીતે તો ચોક્કસ, ભલે વિચારધારાત્મક રીતે હજી ચીન સર્વવ્યાપક દેશ ન બન્યો હોય. બેઈજિંગ હવે કોઈ ઉગતા દેશની માફક પોતાને સમાવી લેવા માટે અરજી નથી કરતું. બલ્કે, એક સ્થાપિત શક્તિની જેમ પોતાના સર્વભૌમ ક્ષેત્રનું રક્ષણ કરતું હોય તેમ જ વર્તે છે. ચીની અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે તાઈવાન મુદ્દે ખોટી રીતે આગળ વધવામાં આવશે તો સમગ્ર દ્વિપક્ષીય સંબંધ અસ્થિર થઈ શકે છે. આ ભાષા એવા દેશ જેવી લાગે છે જેને વિશ્વાસ છે કે સમય તેની તરફેણમાં છે, અને આમ થવાના કારણો પણ યોગ્ય છે. વર્ષોથી ચાલતા ટ્રેડ વૉર, પ્રતિબંધો અને “ડિકપલિંગ”ની ચર્ચાઓ છતાં અમેરિકાનો કોર્પોરેટ વર્ગ બેઈજિંગને અવગણી શકતો નથી. સિલિકોન વેલી, વૉલ સ્ટ્રીટ, મેન્યુફેક્ચરિંગ સપ્લાય ચેઈન્સ અને રેર અર્થ પરની નિર્ભરતા જેવી બધી જ બાબતો હજુ ચીન સાથે ઊંડે સુધી જોડાયેલી છે. ટ્રમ્પ સાથે વિમાનમાં બેઠેલા CEOઓ જ આનો જીવંત પુરાવો હતા. સૈન્ય દ્રષ્ટિએ પણ ચીન હવે માત્ર કોન્ટિનેન્ટલ પાવર નથી રહ્યો. તેની નૌકાદળ ક્ષમતા, મિસાઈલ શક્તિ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધતી હાજરીએ વ્યૂહાત્મક સમીકરણ જ બદલી નાખ્યું છે. અમેરિકા આજે પણ વૈશ્વિક સ્તરે વધુ વ્યાપક સૈન્ય શક્તિ પ્રદર્શિત કરી શકે છે, પરંતુ ચીન હવે પોતાના પ્રાદેશિક ક્ષેત્રમાં અમેરિકન પ્રભુત્વને આત્મવિશ્વાસથી પડકારી શકે એટલી તાકાત ધરાવે છે. એ આત્મવિશ્વાસ પણ એક પ્રકારનું પ્રતિરોધક બળ છે. આનો અર્થ એવો કોઈ કાળે નથી થતો કે ચીને અમેરિકાનું સ્થાન લઈ લીધું છે. અમેરિકા પાસે આજે પણ કોઈ આંબી ન શકે તેવું અલાયન્સ નેટવર્ક છે, રિઝર્વ કરન્સી તરીકે ડૉલરની શક્તિ છે, ઈનોવેશન સિસ્ટમ છે અને મિલિટરી પ્રોજેક્શન તેવું એવું છે કે તેનો કોઈપણ વિરોધી દેશ તેની સાથે ટક્કર લઈ શકે તેવી સ્થિતિમાં નથી. પરંતુ વૈશ્વિક નિયમો અને મૂલ્યો નક્કી કરવાનું જે એકચક્રી સૂકાન અમેરિકા પાસે હતું તેમાં હવે તિરાડ પડી છે એ ચોક્કસ. કદાચ આ તિરાડ આપણા સમયની સૌથી અગત્યની જિઓપૉલિટિકલ કથા બને! શી જિનપિંગે ટ્રમ્પનું ભવ્ય સ્વાગત કર્યું, પરંતુ આ રાજદ્વારી કોરિયોગ્રાફીમાં કઠોર વાસ્તવિકતા છુપાયેલી હતી. સત્તાનું સંતુલન એટલું બદલાઈ ચૂક્યું છે કે ચીન હવે અમેરિકન રાષ્ટ્રપતિની મુલાકાત માટે જાહેરમાં રાજદ્વારી પૂર્વશરતો મૂકી શકે છે, અને તે પણ એવા પ્લેટફોર્મ પર, જે પોતાના દેશમાં પ્રતિબંધિત છે. કદાચ આ એક જ વિગત આખી ઘટનામાં રહેલા ચીનના ખાસ આત્મવિશ્વાસને કોઈપણ સંયુક્ત નિવેદન કરતાં વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે.



બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

**દાયકાઓ સુધી વોશિંગ્ટન માનતું રહ્યું કે વૈશ્વિકીકરણ અંતે બેઇજિંગને પશ્ચિમી મૂલ્યો તરફ દોરી જશે. પરંતુ તેનાથી સાવ વિપરીત, ચીને વૈશ્વિક પુંજીવાદી વ્યવસ્થામાં પારંગતતા મેળવી, અને તે પણ પોતાની રાજકીય સર્વભૌમતાનું સમર્પણ કર્યા વગર**

### બાય ધી વે

ટ્રમ્પની આ મુલાકાતમાંથી કરારો બની શકે છે, સિમ્બોલિક પહેલ પણ થાય અને થોડા સમય માટે સંબંધો સ્થિર થાય એમ પણ બને પણ ખરી હેડલાઈન તો કોઈ સંયુક્ત નિવેદનથી ઘણી મોટી છે. શીત યુદ્ધ પછીના સમયમાં પહેલીવાર અમેરિકા એવા પ્રતિસ્પર્ધી સાથે સંવાદ કરે છે જેને હવે પરંપરાગત અર્થમાં અમેરિકાને ખોટું લાગશે તો શું થશે એવો ડર નથી રહ્યો. વિશ્વની રાજકીય વ્યવસ્થા બદલાઇ રહી હોય ત્યારે તેમાં કોઈ નાટકીય ક્ષણ હોય એવું જરૂરી નથી. આ શાંતિથી ખેલાતો ખેલ છે. જેમાં એક દેશ બીજા દેશને જાણે કહી રહ્યો છે કે હવે એક જ મહાસત્તા હોય એવી વિશ્વ વ્યવસ્થા નથી રહી. પાસાં પલટાઇ રહ્યાં છે, સંજોગો બદલાઇ રહ્યાં છે અને ક્લાસમાં સૌથી અગત્યના ગણાતા છોકરાની દાદાગીરીના દિવસો પુરાં થઇ રહ્યાં છે.


# સંસદીય લોકશાહી માર્ગે સત્તા સુધી પહોંચવું હોય તો દરેકનો સાથ લેવો જરૂરી છે

ગયા સપ્તાહના મારા લેખનો અંત એક પ્રશ્ન સાથે કર્યો હતોઃ હિંદુ પીંડ કેમ બદલાયો? હિંદુ માનસ કેમ બદલાયું? વેદ ઉપનિષદ મહાવીર અને બુદ્ધે તેમ જ મધ્યકાલીન સંતો અને સુફીઓએ ઉછેરેલો હિંદુ ક્યાં ગયો?

જે લોકો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની મદદ લઈને તેનો રાજકીય ખપ જોતા હતા એ લોકોને ખાતરી હતી કે હિંદુ પીંડ તેમ જ હિંદુ માનસ ન બદલાઈ શકે અને જે લોકો અહર્નિશ આધ્યાત્મિક હિંદુ હતા (ગાંધી અને વિનોબા) તેમ જ જે ભારતનો સાંગોપાંગ ઈતિહાસ જાણતા હતા અને જેણે ઈતિહાસ લખ્યો પણ હતો (જવાહરલાલ નેહરુ) એ લોકોને એમ લાગતું હતું કે હિંદુ પીંડ પણ બદલાઈ શકે છે. હિંદુ માનસ બદલાઈ શકે છે. જે હિંદુ હોવાપણું અનુભવતા હતા, જીવતા હતા, જેઓ હિંદુ પીંડના ગર્ભગૃહની અંદર હતા તેવા અંદરના લોકોને (insider) ને ડર હતો કે હિંદુ પીંડ ભવિષ્યમાં ક્યારેક બદલાઈ શકે છે માટે સાવધાન રહેવું જોઈએ.

આવું કેમ બન્યું? હિંદુ હોવાના ગર્વથી પ્રેરાઈને સોમાનાથનું મંદિર બાંધનારા હિંદુઓને એમ લાગતું હતું કે હિંદુ પીંડ બદલાઈ ન શકે માટે RSSથી ડરવાની જરૂર નથી અને જેણે વેદો અને ઉપનીષદોનો અભ્યાસ કર્યો હતો, જેણે શ્રમણ-બ્રાહ્મણ પરંપરાનો અભ્યાસ કર્યો, જેણે સંતો અને સૂફીઓના દર્શનનો અભ્યાસ કર્યો, જેણે ખુલ્લા મને ભારતના અને જગતના ઈતિહાસનો અભ્યાસ કર્યો અને જેણે હિંદુ હોવાપણાને શ્વસ્યું એ લોકો સાશંક હતા.

આગળ વધતા પહેલાં એક ખુલાસો જરૂરી છે. જે લોકોએ RSSને મદદ કરી અથવા RSSની મદદ લીધી એ કોંગ્રેસીઓ છૂપા હિંદુત્વવાદી હતા અથવા હિંદુ કોમવાદી હતા એમ હું માનતો નથી. એકાદ-બે લોકોનો એવો અપવાદ હોઈ શકે છે, પણ એકંદરે તેઓ જમણેરી હતા અને સમાજવાદ તેમ જ સમાજવાદીઓ માટે અણગમો ધરાવતા હતા અને સામ્યવાદથી ડરતા હતા. તેમને મુસ્લિમ કોમવાદનો પણ ડર હતો અને એને માટે કારણો પણ હતાં. તેઓ સંસ્કૃતિપ્રેમી અને સંસ્કૃતિરક્ષક હતા અને તેમને એમ લાગતું હતું પોતાને ડાબેરી તેમ જ ઉદારમતવાદી તરીકે ઓળખાવનારાઓ પાશ્ચાત્ય પ્રભાવ હેઠળ જીવે છે. તેઓ જવાહરલાલ નેહરુને તેમાં અગ્રેસર સમજતા હતા જ્યારે કે નેહરુએ જગતનો ઈતિહાસ લખીને પશ્ચિમના અમાનવીય શોષક તેમ જ હિંસક ચહેરાને ઉજાગર કર્યો હતો અને પૂર્વની માનવીય



નો નોનસેન્સ
રમેશ ઓઝા

પરંપરાનો મહિમા કર્યો હતો. એ સમયે ભારતનાં આકાશમાં જે વિચાર, વ્યક્તિ અને વલણ હતા તે વિષે તેમનો આવો અભિપ્રાય હતો. પણ એનો અર્થ એવો નથી કે તેઓ હિંદુ મૂળભૂતવાદી કે કોમવાદી હતા. સમાનતા અને ન્યાય આધારિત આધુનિક રાજ્યમાં, કાયદાના રાજમાં અને લોકતંત્રમાં તેમની નિષ્ઠા હતી. તેમને જાણ હતી કે કાયદાના રાજનો સૌથી વધુ લાભ બહુમતી કોમને મળવાનો છે અને અરાજકતાની સૌથી મોટી કિંમત પણ બહુમતી કોમે જ ચૂકવવી પડતી હોય છે. તેઓ દ્વેષ કરનારા અને વેર લેનારા હિંદુ નહોતા.

તો સવાલ પાંચ છે. 1. જે લોકોએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને સમજવામાં થાપ ખાધી તેમણે ભારતીય રાજકારણને ક્યાં પહોંચાડ્યું? 2. જે લોકો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ઓળખી શક્યા તો તે શેને કારણે? 3. હિંદુ પીંડ અથવા હિંદુ માનસ બદલાયું શેના કારણે? 4. ખરેખર હિંદુ પીંડ કે હિંદુ માનસ પાછા ન ફરી શકાય એ હદે સંપૂર્ણપણે બદલાયું છે ખરું? અને 5. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સત્તા કબજે કરી છે કે પછી રાજ્ય કબજે કર્યું છે કે હિંદુ માનસ?

આ ચાર સવાલોને હાથ ધરતા પહેલાં મારે અહીં એક કબૂલાત કરવી જોઈએ. આ લખનારને પણ વાનપ્રસ્થાનની ઉંમરે પહોંચવા સુધી એમ લાગતું હતું કે હિંદુ પીંડ ક્યારેય ન બદલાઈ શકે માટે સંઘથી ડરવાની જરૂર નથી. આ પૂરાણમતવાદી ગાંડીઘેલી વાતો કરનારી જમાત છે. તેની કોમવાદી હિંદુઓની એક વોટ બેંક છે, લોકતાંત્રિક દેશમાં તેનો તે અધિકાર છે અને એક અર્થમાં તેનો ખપ પણ છે. જેમ સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવા વિવિધ સ્વભાવ ધર્મ ધરાવનારા જીવોનું એક સાથે હોવું જરૂરી છે તેમ સમાજમાં સંતુલન જાળવી રાખવા માટે વિવિધ અભિપ્રાય અને વલણનું એક સાથે હોવું જરૂરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો આ રીતે એક મર્યાદિત ખપ છે. બાકી ભારતની હિંદુ બહુમતી પ્રજા એક પ્રકારની ઉદારતા અને મર્યાદામાં માને છે. ઉપરથી ભારતની વિવિધતા કોઈ એક પ્રજાને આક્રમક થવા દેતી નથી.

**જેમ સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવા વિવિધ સ્વભાવ ધર્મ ધરાવનારા જીવોનું એક સાથે હોવું જરૂરી છે તેમ સમાજમાં સંતુલન જાળવી રાખવા માટે વિવિધ અભિપ્રાય અને વલણનું એક સાથે હોવું જરૂરી છે**

આત્યંતિકતા અને આક્રમકતાનો અંદરથી છેદ ઉડાડે છે. મધ્યમ માર્ગ અને સહઅસ્તિત્વ ભારતની નિયતિ છે. આ સિવાય ભારતનું સંસદીય રાજકારણ પણ આત્યંતિકતાને પોષનારું નથી. સામ્યવાદીઓ, અકાલીઓ, દ્રવિડવાદીઓ, ઇશાન ભારતના અલગતાવાદીઓને એક દિવસ સમજાઈ ગયું કે આક્રમકતા અને આત્યંતિકતા આ દેશની પ્રજાને ભાવતી નથી અને જો સંસદીય લોકશાહી માર્ગે સત્તા સુધી પહોંચવું હોય તો દરેકનો સાથ લેવો જરૂરી છે.

ટૂંકમાં આ પ્રકારનો રાજકીય વિમર્શ એ સમયે દેશમાં ચાલતો હતો જેમાં દરેકને એમ લાગતું હતું કે સામ્યવાદી ભારત અને હિંદુ ફાસીવાદી ભારત આ દેશમાં ક્યારેય આકાર ન પામી શકે. આ લખનારની પણ એવી જ સમજ હતી. એટલે તો કોંગ્રેસના ભ્રષ્ટાચાર સામે લડવા જેમ રાજકીય પક્ષોએ અને રાજકીય નેતાઓએ સંઘનો સાથ લીધો હતો એમ નાગરિક સમાજે પણ લીધો હતો જેનો હું એક સભ્ય છું. એક સધિયારો હતો જે ખોટો સાબિત થયો.

**(ક્રમશઃ)**

## સિલી પોઈંટ

